# (B - 50) મીઠાં સ્મરણ નેમિનાથનાં રે

(રાગ : આજે દિવ્યધ્વનિ છૂટી વીરમુખથી રે)

આજ બાવીસમા નેમિનાથનાં રે,
તીર્થ ગિરનારે દૃશ્યો દેખાય,
આજ મીઠાં સ્મરણ નેમિનાથનાં રે. ૧.

આજ શિવાદેવીના નંદનાં રે,
ગઢ ગિરનારે દર્શન થાય, આજ મીઠાં૦...૨.





જેણે ત્યાગ કર્યો રાજપાટનો રે,
વળી ત્યાગી છે રાજુલ નાર, આજ મીઠાં૦...૩.

સહસાવને સંયમ આદર્યા રે,
પ્રભુ વિવાહપ્રસંગે વૈરાગ્ય, આજ મીઠાં૦...૪.

સહસાવને શુક્લધ્યાન આદર્યાં રે,
પ્રભુ પામ્યા છો કેવળજ્ઞાન, આજ મીઠાં૦...૫.

ગિરનારે સમોસરણ સોહતા રે,
અહો! સુર-નર-મુનિવરવૃંદ, આજ મીઠાં૦...૬.

દિવ્યધ્વનિના ધોધ ગિરનારમાં રે,
નભે દેવદુંદુભિ નાદ, આજ મીઠાં૦...૭.

પ્રભુ! સ્વપર-પ્રકાશક નાથ છો રે,
ચિન્મૂરત આતમરામ, આજ મીઠાં૦...૮

દિવ્ય જ્ઞાનસાગર ઊછળી રહ્યા રે,
ગુણ અંતરમાં રમનાર, આજ મીઠાં૦...૯.

ચક્રધર હલધર સેવા કરે રે,
સુણે જિનેન્દ્રના દિવ્ય નાદ, આજ મીઠાં૦...૧૦.

દેવેન્દ્રો નરેન્દ્રો પ્રભુ પૂજતા રે,
મુનિરાજો જિનેન્દ્રગુણ ગાય, આજ મીઠાં૦...૧૧.




પ્રભુમહિમા અહો અદ્‌ભુત છે રે,
તે મુખથી કેમ કથાય? આજ મીઠાં૦...૧૨.

કલ્યાણક ત્રણ ગિરનારમાં રે,
તપ કેવળ મોક્ષસ્વરૂપ, આજ મીઠાં૦...૧૩.

પ્રભુ પરમવૈરાગી તીર્થંકરા રે,
જિનનાથ દેવાધિદેવ, આજ મીઠાં૦...૧૪.

તીર્થ ગિરનારથી મુક્તિ ગયા રે,
ગયા કોટિ કોટિ કુમાર, આજ મીઠાં૦...૧૫.

આજ દેવાધિદેવ નેમિનાથનાં રે,
તીર્થ ગિરનારે દર્શન થાય, આજ મીઠાં૦...૧૬.

શ્રી કહાનગુરુના પ્રતાપથી રે,
અહો અપૂર્વ યાત્રા થાય, આજ મીઠાં૦...૧૭.

કહાનગુરુ મળ્યા અહોભાગ્યથી રે,
સમજાવ્યા સત્ય શિવપંથ, આજ મીઠાં૦...૧૮.